અગત્યનું
ધોરણ-૧૧ (વિ.પ્ર.) પ્રવેશ

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૨/૩૫૩૩-૯૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૭/૦૬/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩ માં ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં પ્રવેશ અંગે.
સંદર્ભ :- અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૨૦૦-૩૬, તા.૧૯/૦૬/૨૦૧૯

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ દર્શિત પત્રથી ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં પ્રવેશ આપવા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩માં ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે ઉક્ત સંદર્ભ દર્શિત પત્રથી આપવામાં આવેલ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. તા.૧૯/૦૬/૨૦૧૯ના અત્રેનાં પત્રની નકલ આ સાથે સામેલ છે.

આ ઉપરાંત, શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩ થી ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી વખતે શિક્ષણ વિભાગના તા.૦૨/૧૨/૨૦૨૧ ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૯/૮૫૭/છ થી જણાવ્યા મુજબ નીચેની બાબત ધ્યાને લેવાની રહેશે.

1. જે વિદ્યાર્થીએ ધોરણ-૧૦ ગણિત બેઝિક સાથે પાસ કરેલ હોય તે ધોરણ-૧૧ માં વિજ્ઞાન પ્રવાહમાં "B" ગૃપમાં પ્રવેશ મેળવી શકશે પરંતુ "A" અથવા "AB" ગૃપમાં પ્રવેશ મેળવી શકશે નહિ.
2. ધોરણ-૧૦ માં ગણિત બેઝિકમાં પાસ થનાર વિદ્યાર્થી જો ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં "A" અથવા "AB" ગૃપમાં પ્રવેશ મેળવવા માંગતો હોય તો જુલાઈ માસની પૂરક પરીક્ષા દરમ્યાન ગણિત સ્ટાન્ડર્ડની પરીક્ષા પાસ કરી ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં "A" અથવા "AB" પ્રવેશ મેળવી શકશે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઇને શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩ માં ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં પ્રવેશ અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે આપના તાબાની તમામ ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાન પ્રવાહ)ની શાળાઓને સૂચના આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

બિડાણ :- ઉપર મુજબ.

નકલ સવિનય રવાના :-

- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

E:\HK-1\ધોરણ-૧૧ (વિ.પ્ર.) માં શૈક્ષણિક સત્ર જૂન થી પ્રવેશ બાબત.docx

જા.નં મા.શ/૨૦૨૨/૯૮૯૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી

સુરત. જિ. સુરત

તા. ૨૩/૧૦/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી

બિનસરકારી ગ્રાન્ટેડની તમામ શાળાઓ

સુરત.

District Education Officer
Surat, Dist. Surat